॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# વઢવાણ રાજ્યના વિદ્યાર્થીઓનું રાષ્ટ્રીય ચળવળોમાં યોગદાન

HITESHKUMAR KHUSHALBHAI PARMAR
M.A., MPHIL, M.ED., GSET
Ph.D. SCHOLAR
Department of History
Maharaja Krishnakumarsinhji Bhavnagar University
Bhavnagar

**GUIDE**
DR. RAJESHKUMAR M. JADAV
Head & Assistant Professor
Department of History
Kavishree Botadkar Arts and Commerce College,
Botad


- **સારાંશ**

દરેક વ્યક્તિના જીવન ઘડતરમાં શિક્ષણ મહત્વનો ભાગ ભજવે છે. પ્રારંભિક શિક્ષણ તેને ઘરના સભ્યો પાસેથી મળે છે જેનાથી તે પછીના સંસ્થાગત શિક્ષણ સાથે સમાયોજન સાધી શકે છે અને ત્યારબાદ જ તેના વ્યક્તિત્વનો વિકાસ પૂર્ણ બને છે. જેથી શિક્ષણ થકી જ વ્યક્તિમાં રાષ્ટ્રભાવના, ચારિત્ર્ય નિર્માણ, સામાજિક મૂલ્યો વગેરે ઘડાય છે. આમ, ભારતનો પ્રાચીન ઈતિહાસ તપાસતા તેમાં રહેલ શિક્ષણના મહત્વનો ખ્યાલ આવે છે. ભારતના પ્રાચીન ઈતિહાસને ભારતનો સુવર્ણ યુગ કહેવો યોગ્ય છે કારણ કે, ભારત પ્રાચીન સમયમાં જ્ઞાન અને દ્રવ્ય એમ બંને બાબતે સૌથી સમૃદ્ધ દેશ હતો પણ સમયાંતરે ભારતમાં બાહ્ય પ્રજાના આગમન બાદ ભારતીય પ્રણાલીનું શિક્ષણ નબળું બન્યું અને તેનાથી આર્થિક સમૃદ્ધિ પણ ઘટી હતી. પરંતુ અંગ્રેજોના આગમન બાદ નવીન શિક્ષણ પદ્ધતિનો વારસો ભારતીયોને મળ્યો હતો. અંગ્રેજી શિક્ષણ મેળવી ભારતીયોએ વિશ્વની સંસ્કૃતિઓનો પરિચય મેળવ્યો તથા ભારતીય સંસ્કૃતિની પ્રદાનતા અને મહત્તાને જાણી. જેથી પુનઃ પોતાના દેશને પ્રાચીન સમૃદ્ધિ તરફ લાવવા અને પોતાના દેશને ગુલામીમાંથી મુક્ત કરાવવા અનેક રાષ્ટ્રીય લડતો લડી હતી. આ લડતમાં ગાંધીજી સૌથી મહત્વના વ્યક્તિ ગણી શકાય. કેમ કે તેમણે આઝાદીની લડતોની સાથે ભારતીય પ્રણાલી મુજબના શિક્ષણનું મહત્વ વધાર્યું હતું અને તેમના આ કાર્યમાં ભારતના અનેક પ્રદેશોમાંથી યુવાનો અને વિદ્યાર્થીઓ સહભાગિ થયા હતા અને આ લડતોને સફળ બનાવવામાં મહત્વનુ કાર્ય કર્યું હતું. આવા જ વઢવાણ રાજ્યના યુવાનો અને વિદ્યાર્થીઓએ પણ ગાંધીજી દ્વારા થયેલી રાષ્ટ્રીય લડતોમાં ભાગ લઈ તેને સફળ બનાવી હતી. આવી લડતોમાં ખાસ તો અસહકારની ચળવળ, સવિનય કાનૂન ભંગ, નાગપુર ઝંડા સત્યાગ્રહ, હિંદ છોડો ચળવળ વગેરેમાં ભાગ લીધો હતો અને સ્થાનિક કક્ષાએ

પણ તે મુજબની પ્રવૃત્તિ કરી લોક જાગૃત્તિ લાવવાનું કામ કર્યું હતું. વઢવાણના વિદ્યાર્થીઓ લાલ-બાલ-પાલની રાષ્ટીય પ્રવુતિથી પ્રભાવિત થતા એક **કેસરી મંડળ**ની સ્થાપના પણ કરી હતી. જેના દ્વારા રાષ્ટ્રીય લડતો માટે ભંડોળ એકત્રિત કરવામાં આવતું. ઉપરાંત, શ્રી ફૂલચંદભાઈ શાહે **કાઠીયાવાડ સત્યાગ્રહ દળ**ની રચના કરી હતી. જેના થકી સવિનય કાનૂન ભંગ જેવી લડતોમાં સત્યાગ્રહીઓની ટુકડીઓ મોકલવામાં આવતી. આ સિવાય વઢવાણમાં એક **યુવક સંઘ**ની રચના કરવામાં આવી હતી, જે સ્થાનિક કક્ષાએ રાષ્ટ્રીય લડતોને બળ પૂરું પાડવા માટે પિકેટિંગ પ્રવૃત્તિ, સભાઓ ભરવી, સરઘસો કાઢવા વગેરે જેવી પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. જેમાં વિદ્યાર્થીઓ મોટા પાયે ભાગ લીધો હતો. આ ઉપરાંત વઢવાણ રાજયમાં ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ અંતર્ગત એક **રાષ્ટ્રીય શાળા (ઘરશાળા)** પણ સ્થપાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના કેળવાય તેવું શિક્ષણ આપવામાં આવતું તથા તે સત્યાગ્રહ માટેની છાવણીનું એક કેન્દ્ર હોવાથી તેમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ પણ રાષ્ટ્રીય લડતોમાં ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓમાં રામનારાયણ પાઠક, કાંતિલાલ પાઠક, ગિરધારલાલ શાહ વગેરેએ રાષ્ટ્રીય લડતોમાં ભાગ લઈ જેલની સજા ભોગવી હતી. આમ, વઢવાણ રાજ્યના વિદ્યાર્થીઓનું ભારતની રાષ્ટ્રીય ચળવળોમાં અને સ્વતંત્રતામાં મહત્વનું યોગદાન રહેલું છે.

❖ **મુખ્ય શબ્દો** :

રાષ્ટ્રીય ચળવળ, રાષ્ટ્ર ભાવના, ચારિત્ર્ય ઘડતર, કેસરી મંડળ, સ્વદેશી, પિકેટિંગ, સત્યાગ્રહ દળ, ગુલામી, આદ્યાત્મિક્તા, ઈજારો, દારુબંધી વગેરે.....

## 1. પ્રસ્તાવના

શિક્ષણ એ માનવજીવનને ઉત્કૃષ્ટ બનાવવા માટે જેમ મહત્વનું છે તેમ વ્યક્તિમાં રાષ્ટ્રભાવના, એકતા, ચારિત્ર્ય ઘડતર વગેરેને માટે ઉત્તમ આધાર છે. કોઈ પણ રાષ્ટ્ર કે પ્રદેશની પ્રજામાં શિક્ષણના માધ્યમથી જ જાગૃતતા લાવી શકાય છે. શિક્ષણ દ્વારા સમાજમાં ઘર કરી ગયેલ રૂઢ માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ, વહેમોનો ઈલાજ શક્ય બને છે. એ રીતે શિક્ષણ એ દેશના વિકાસનો પાયો ગણાવી શકાય. વિશ્વમાં જેટલી પણ ક્રાંતિઓ થઈ કે બદલાવ આવ્યા તેમાં શિક્ષણનો સિંહફાળો રહેલો છે. ભારતમાં પણ પ્રાચીન શિક્ષણની પ્રથા અંગેના થયેલ સંશોધનો દ્વારા એ જાણી શકાયું કે વિશ્વમાં એ સમયે ભારતીય સંસ્કૃતિ શ્રેષ્ઠ હતી તથા ભારત સમૃદ્ધ પ્રદેશ હતો જે શિક્ષણનું જ એક પરિણામ હતું અનેક વિદેશી પ્રવાસીઓએ પણ આ બાબતે પોતાની નોંધોમાં ઉલ્લેખ કર્યો છે તેમજ એ સમયે વિશ્વના ઘણા દેશોમાંથી અહી અભ્યાસ માટે વિદ્યાર્થીઓ આવતા પણ પછીના કાળમાં ભારતની સમૃદ્ધિથી આકર્ષાઈને આવેલ વિદેશી પ્રજાના આક્રમણનો ભોગ બન્યા તેમજ આપણી પ્રાચીન શિક્ષણ પ્રણાલી નષ્ટપ્રાય; બની. પછીના કાળમાં(મધ્યયુગ) પ્રાચીન શિક્ષણનો અસ્ત થયો સાથે દરેક વિભાજીત રાજ્યો પોતાની સત્તા વિસ્તારની ભૂખમાં એટલા તરબોળ થયા કે શિક્ષણ પ્રત્યે ધ્યાન આપી શક્યા નહિ જે પછી અંગ્રેજોના આગમન બાદ શિક્ષણનો ફરી નવા સ્વરૂપે પ્રારંભ થયો જેથી ભારતીય ભાષા સિવાયની ભાષાઓનું જ્ઞાન પણ ભારતીયોને થયું અને

તત્કાલીન વૈશ્વિક ઘટનાઓ, નેતૃત્વ શક્તિ ધરાવતા વ્યક્તિઓના વિચારો જાણતો થયો. એ રીતે ભારતને ગુલામીમાંથી છોડાવવા પછીથી પ્રયત્નશીલ બન્યા હતા. ભારતની આઝાદી માટેની રાષ્ટ્રીય લડતોનો ઈતિહાસ ઘણો લાંબો છે. તેમાં સમયાંતરે શિક્ષણ દ્વારા કેળવાયેલ અનેક ભારતીય વ્યક્તિઓ સહભાગી આઝાદીની તથા અધિકારો માટેની લડતો શરૂ કરી ભારતને આઝાદી અપાવી હતી આવી લડતો પ્રાદેશિક તથા રાષ્ટ્રીય કક્ષાની હતી. જેમાં વિદ્યાર્થીઓએ પણ મહત્વનું યોગદાન આપેલું જણાય છે. આવી રાષ્ટ્રીય ચળવળોમાં સ્થાનિકકક્ષાએ પ્રવૃત્તિઓ કરી વઢવાણના વિદ્યાર્થીઓએ પોતાનો ફાળો નોધાવ્યો હતો. જે અંગેની નોંધ લેવી આવશ્યક છે.

2. **વઢવાણના વિદ્યાર્થીઓનું રાષ્ટ્રીય ચળવળોમાં યોગદાન** :

ગાંધીજીના આગમનપૂર્વે પણ વઢવાણના વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીયભક્તિ જાગૃત થઈ હતી. આ સમયે મોતીભાઈ દરજીએ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, સમાજસેવા, આદ્યાત્મિક્તા જેવા ગુણો વિકસે એ માટે નાનું ગ્રંથાલય શરૂ કર્યું હતું. મોટાભાગે આ ગ્રંથાલયમાં મહાભારત, રામાયણ જેવા ધાર્મિક પુસ્તકો તથા વ્યક્તિ ચારિત્ર્યોને લગતા પુસ્તકો રાખ્યા હતા. આ ગ્રંથાલય પ્રારંભમાં પોતાના કાર્યસ્થળે શરૂ કર્યું હતું. જેમાં એ સમયે દાજીરાજજી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પુસ્તકોના વાંચન માટે આવતા હતા. આ રીતે તેમણે સૌપ્રથમ વઢવાણની પ્રજામાં રાષ્ટ્રીય ભાવનાને કેળવવાનો પ્રારંભ કર્યો હતો. એ સમયે ભારતમાં લાલ-બાલ-પાલની ત્રિપુટી ખ્યાતી પામી હતી. જે સંદર્ભે વઢવાણ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ બાળગંગાધર તિલક(લોકમાન્ય તિલક)થી પ્રભાવિત હતા અને આ દાજીરાજજી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઈ.સ. 1905 આસપાસ એક મંડળ પણ સ્થાપ્યું હતું જેને લોકમાન્ય તિલકજીની 'કેસરી' ઉપાધિ પરથી '**કેસરી મંડળ**' નામ પણ આપવામાં આવ્યું હતું. આ મંડળ દ્વારા રાષ્ટ્રીય લડતો માટે ભંડોળ એકત્ર કરવામાં આવતું, લોક જાગૃતિ અંગેની પત્રિકાઓ પણ છપાવવામાં આવતી હતી. જો કે આ પત્રિકાઓના નામ જાણવા મળતા નથી. આ મંડળના સદસ્યો સ્વદેશી ચીજવસ્તુઓ જ ઉપયોગ કરતા તેમજ અન્યોને પણ તે અપનાવવા આગ્રહ રાખતા હતા. જે અંગે ડૉ. ઈન્દ્રવદન આચાર્ય જણાવે છે કે "વઢવાણમાં પીવાના પાણીની ઉનાળામાં તંગી સર્જાતી ત્યારે મોતીભાઈ દરજીના નેતૃત્વમાં આ કેસરી મંડળ ભોગાવામાં વીરડા ગાળવાનું કાર્ય પણ કરતુ હતું, આ મંડળમાં ચિમનભાઈ વૈષ્ણવ, ફૂલચંદભાઈ શાહ, સ્વામી શિવાનંદ, વજુભાઈ શાહ, ડાહ્યાલાલ જાની, પ્રાણજીવન આચાર્ય વગેરે આ પ્રવૃત્તિમાં આગળ પડતો ભાગ લેતા હતા." આ વિદ્યાર્થીઓમાં દાજીરાજજી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો શિવલાલ નામે વિદ્યાર્થીએ પ્રજાજાગૃતિ તેમજ રાષ્ટ્રીય ભાવના લાવવામાં આગળ પડતી કામગીરી કરેલ હતી. જેના પર સ્વામી આનંદ લખે છે કે "શિવલાલ જયારે હાઈસ્કૂલમાં ભણતો તે દરમ્યાન ગુજરાત-કાઠીયાવાડમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિનું મંગલાચરણ થઈ ચૂક્યું હતું." બાળગંગાધર તિલકને ઈ.સ. 1908માં જયારે સજા થઈ ત્યારે આ શિવલાલે હડતાલ પડાવી હતી તથા શાળા અને પોતાના મકાન પર કાળો વાવટો ફરકાવ્યો હતો. આ શિવલાલ એટલે શિવલાલ પાનાચંદ શાહ જેમણે મેટ્રીકની પરીક્ષા બીજે નંબરે પાસ કરી આગળ ગુજરાત કૉલેજમાં અભ્યાસ કરી એલ્ફીન્સ્ટન્ટ કૉલેજમાં જોડાયા હતા તેમજ પછી વિદેશ જઈને સિવિલ સર્વિસની પરીક્ષા ઉતીર્ણ કરી

ઝાલાવાડના પ્રથમ આઈ.એ.એસ. થયા હતા. આ સિવાય એક અન્ય વિદ્યાર્થી જે પછીથી ગાંધીજીના અંતેવાસી બન્યા હતા તે હિંમતલાલ રામચંદ્ર દવે હતા.

ગાંધીજીના આગમન પછી રાષ્ટ્રીય ભાવના બળવતર બની હતી વધુ પ્રમાણમાં લોકો જાગૃત થયા હતા તથા અસહકાર જેવી લડતોમાં રચનાત્મક કાર્યક્રમ અંતર્ગત સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ પણ વધ્યો હતો. આ સમયે જયારે ગાંધીજીનું સૌરાષ્ટ્રમાં આગમન થયું ત્યારે વઢવાણ કેમ્પ સ્ટેશને મોતીભાઈ દરજી તેમને મળવા ગયેલા ત્યારબાદ ફૂલચંદભાઈ શાહ, ચિમનભાઈ વૈષ્ણવ, શિવાનંદ સ્વામી જેઓ વિદ્યાર્થી અવસ્થામાં મોતીભાઈથી પ્રેરાઈને સમાજસેવાની કામગીરીમાં જોડાયા હતા. પછીથી આ ત્રિપુટી(ફૂલચંદભાઈ શાહ, શિવાનંદ સ્વામી, ચિમનભાઈ વૈષ્ણવ)એ ગાંધીજીની કામગીરીથી પ્રભાવિત થઈ પ્રાદેશિક અને રાષ્ટ્રીય ચળવળોમાં હંમેશા આગળ પડતો ભાગ ભજવ્યો હતો. આ ત્રિપુટીના રંગે વઢવાણના અનેક વિદ્યાર્થીઓ પણ રંગાયા હતા.

- **અસહકારની ચળવળમાં ફાળો** :

ગાંધીજી દ્વારા થયેલ અસહકારનું આદોલન બે પ્રવૃત્તિઓથી વિભાજીત હતું એક રચનાત્મક પ્રવૃત્તિ અને બીજી ખંડનાત્મક પ્રવૃત્તિ જેમાં રાષ્ટ્રીય શિક્ષણ આપતી સંસ્થા સ્થાપવી , અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમો કરવા, અંગ્રેજ સરકાર તરફથી મળેલ બહુમાનોનો ત્યાગ કરવો, સરકારી હોદ્દાનો ત્યાગ કરવો વગેરે બાબતો થકી આ આંદોલનને રાષ્ટ્રવ્યાપી બનાવ્યું હતું. જે દરમ્યાન રાષ્ટ્રીય શિક્ષણના સંદર્ભે અનેક શાળા-સંસ્થાઓ સ્થપાઈ હતી. ગાંધીજીના આ અસહકારના રચનાત્મક કાર્યક્રમ અંતર્ગત વઢવાણમાં રાષ્ટ્રીયશાળાની સ્થાપના પણ થઈ હતી. શ્રી ફૂલચંદભાઈ શાહે અસહકારના આંદોલનના કાર્યક્રમને જોરશોરથી ઉપાડી લીધો હતો. તે માટે તેમણે '**કાઠીયાવાડ સત્યાગ્રહદળ**'ની રચના કરી હતી. જે અંતર્ગત સ્વદેશી પ્રચારની પ્રવૃત્તિ કરવી તથા સભાઓ ભરવી, તિલક સ્વરાજ ફંડ એકત્રિત કરવું, કાંતણના રેંટિયા ચાલુ કરાવવા વગેરે જેવી પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. જેમાં રાષ્ટ્રીયશાળાના વિદ્યાર્થીઓ પણ ભાગ લેતા હતા. મનુભાઈ મનસુખભાઈ શાહ કે જેમણે વિદ્યાર્થી અવસ્થામાં અસહકારના આંદોલનમાં પિકેટિંગ કામગીરી કરેલ હતી. પછીથી દિલ્હી વસી રાષ્ટીય ચળવળોમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રીય ચળવળો અંગે ફૂલચંદભાઈ દ્વારા ભજન મંડળી પણ રચાઈ હતી તે વઢવાણ ઉપરાંત ધ્રાંગધ્રા, મોરબી અને વાંકાનેરમાં જતી તથા લોક જાગૃતિ લાવવાની કામગીરી કરતી હતી અને આ કાર્યમાં વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. વઢવાણની રાષ્ટ્રીયશાળામાં આચાર્ય તરીકે ચિમનભાઈ વૈષ્ણવે વિધાર્થીઓને એક માસ સુધી ખાદી ટોપી અને પહેરણ પહેરવા ઠરાવ કરાવેલો જેને વિદ્યાર્થીઓએ વધાવી લઈ બે માસ સુધી ખાદી ટોપી અને પહેરણ પહેર્યું હતું. ખાસ કરીને વઢવાણના લોકોમાં રાષ્ટ્રીય ભાવના કેળવવામાં રાષ્ટ્રીય શાળાનું મહત્વનું યોગદાન રહેલું છે. મોટાભાગની રાષ્ટ્રીય ચળવળો અને તેના ભાગરૂપ પ્રાદેશિક ચળવળોનું તથા સ્વતંત્રતા ચળવળ માટેની યોજનાઓ પણ અહીં થતી હતી. જેથી વઢવાણની રાષ્ટ્રીય શાળા એ રાષ્ટ્રીય ચળવળો માટે કાઠીયાવાડનું મહત્વનું કેન્દ્ર બન્યું હતું.

- **નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ફાળો:**

ઈ.સ. 1923માં કોંગ્રેસના અગ્રણી નેતા હકીમ અજમલખાનને જબલપુર શહેર સુધરાઈએ માનપત્ર આપવાનો તથા સુધરાઈના મકાન પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો હતો જેની જાણ તત્કાલીન પાર્લામેન્ટને થઈ હતી. જેથી જબલપુરના કમિશ્નરે સુધરાઈના મકાન પર રાષ્ટ્રીય ધ્વજ નહીં ફરકાવવાની નોટિસ આપી હતી જે સત્યાગ્રહને આમંત્રણ આપવા સમાન હતું. બીજું કે ગાંધીજીના જેલવાસને તા. 18/02/1923ના રોજ એક વર્ષ પૂરું થતું હતું તે નિમિતે સવંત્સરી ઉજવણીના ભાગરૂપ જબલપુરના મુખ્ય વિસ્તારમાં કોંગ્રેસના ભાઈઓ અને બહેનોનું સરઘસ પંડિત સુખલાલની આગેવાની હેઠળ હાથમાં રાષ્ટ્રીય ધ્વજ લઈ નીકળ્યું હતું જે ગોરા અમલદારના નિવાસ સ્થાન તરફ પહોચતા પોલીસે અટકાવ્યું તથા ધ્વજ મૂકી દેવા આદેશ કર્યો હતો જેનો અમલ સરઘસે ન કરતાં તેમની ધરપકડ કરવામાં આવી અને નાગપુર ઝંડા સત્યાગ્રહના મંડાણ થયા. આ સત્યાગ્રહની આગેવાની સરદાર પટેલે લીધી હતી. આ સત્યાગ્રહનો આદેશ સૌરાષ્ટ્રે પણ ઝીલ્યો હતો. વઢવાણમાંથી ફૂલચંદભાઈ શાહ અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. જેમાં મહત્વની કામગીરી કરી વિજય મેળવ્યો હતો. આ સાત્યાગ્રહમાં વઢવાણથી ફૂલચંદભાઈ, શિવાનંદજી તથા વિદ્યાર્થી રામનારાયણ પાઠક અને એમની ટુકડી પણ ગઈ હતી. આ સત્યાગ્રહમાં ફૂલચંદભાઈ અને તેમની ટુકડીની ધરપકડ પણ કરવામાં આવી હતી. આ અંગે ફૂલચંદભાઈના શબ્દો નોંધવા જરૂરી છે જેથી તેમની રાષ્ટ્રીય પ્રત્યેની ભાવના તેમજ તેમના માટે સત્યાગ્રહનું શું મહત્વ હતું? એ પણ સમજી શકાય છે. એ શબ્દો હતા "ઝંડાના સેવકો માટે આ કાંઈ આકરી તાવણી ન કહેવાય. માતાના ધ્વજ માટે તો દેવની નિશ્ચલતા અને જાન ફેસાની કરવાની તાકાત જોઈએ". જે પછી સૌરાષ્ટ્ર ઉપરાંત અન્ય પ્રાંતોના સત્યાગ્રહીઓ પણ જેલમાં પુરાયા જેથી સરકાર સામે ભય ઊભો થયો અને સરકારે એક માસમાં નમવું પડયું હતું . આમ, આ સત્યાગ્રહને રાષ્ટ્રીય વ્યાપી સ્વરૂપ આપવામાં વઢવાણનો એટલો જ ફાળો રહ્યો છે.

- **સવિનય કાનૂનભંગમાં ફાળો :**

આ સવિનય કાનૂન ભંગની લડત પૂર્વે વઢવાણમાં ફૂલચંદભાઈ, શિવાનંદજી તથા શારદાબેન પ્રજામાં અને યુવકોમાં ચેતના જગાડવાનું કાર્ય કર્યું હતું જેથી ઈ.સ. 1930માં સવિનય કાનૂન ભંગનો પ્રારંભ થયો એ સમય દરમ્યાનમાં વઢવાણના યુવાનોમાં મોટા પ્રમાણમાં જાગૃતિ આવી ગઈ હતી

6 એપ્રિલ 1930ના ગાંધીજીએ સંપૂર્ણ દેશમાં મીઠાંના કાયદાનો ભંગ કરવાનો નિર્ણય લેતા સવિનય કાનૂન ભંગની લડત શરૂ થઈ હતી. ઈ.સ. 1930ની સવિનય કાનુનભંગ ચળવળ વખતે પણ તેના એક ભાગ રૂપે વિરમગામ તથા ધોલેરામાં મીઠાના સત્યાગ્રહો કરવામાં આવ્યા હતા. આ સમયે વઢવાણની નજીક આવેલા વિરમગામમાં પણ મીઠાના કાયદાનો ભંગ કરતો સત્યાગ્રહ શરૂ થતાં વઢવાણથી વિરમગામ સત્યાગ્રહમાં 11-11 સત્યાગ્રહીઓની કુલ 5 ટુકડીઓ મોકલવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો અંગ્રેજ સરકાર દ્વારા સત્યાગ્રહીઓ પર થતા અમાનવીય અત્યાચાર છતાં વઢવાણથી રોજ નવી ટુકડીઓ મોકલવામાં આવતી હતી. આ લડત

દરમ્યાન જ્યારે વઢવાણના આગેવાન નેતાઓને જેલમાં પુરવામાં આવ્યા ત્યારે મુંબઈથી સુખલાલભાઈ ઓઘડદાસે આવી તેમનું નેતૃત્વ કર્યું હતું. જે સંદર્ભે વઢવાણમાં '**વઢવાણ યુવક સંઘ**'ની સ્થાપના પણ કરાઈ હતી જેનું કાર્યાલય સુંદર વોરાના ઉપાશ્રય સામેની મેડી પર રાખવામાં આવ્યું હતું. જ્યાંથી આ લડત માટેની નીતિઓ અને કાર્યશૈલી નક્કી કરવામાં આવતી હતી. ઉપરાંત લડતના ભાગરૂપ પિકેટિંગ પ્રવૃત્તિ પણ અપનાવવામાં આવી હતી તે સંદર્ભે તત્કાલીન વઢવાણ રાજ્યના શાસક જોરાવરસિંહજી દ્વારા જ્યારે દારૂ, અફીણ અને ગાંજાના પીઠાઓને મંજૂરી આપવામાં આવી ત્યારે તેના વિરુદ્ધ પિકેટિંગની પ્રવૃત્તિનો પ્રારંભ થયો હતો. આ ઈજારાના વિરોધમાં સુખલાલભાઈના નેતૃત્વમાં વઢવાણ યુવક સંઘે લોકોને જાગૃત કરવાનું કાર્ય કર્યું હતું. આ દારૂબંધી અંગેના સત્યાગ્રહ માટે પ્રથમ બે યુવાનોની પસંદગી પણ કરવામાં આવી હતી જેમાં (1) શ્રી ગીરધારલાલ નાગરદાસ શાહ અને (2) શ્રી ગીધુભાઈ પી. શાહ હતા આ બંને યુવાનોને રાજ્યએ પાકી જેલની સજા ફરમાવતા પ્રજામાં ઉશ્કેરાટ ફેલાયો હતો જે સંદર્ભે રાજ્યએ સમાધાનકારી વલણ અપનાવી હવે પછી દારૂનો નવો ઈજારો નહીં આપવાનો નિર્ણય પણ લેવો પડ્યો હતો. આમ, આ લડતમાં  પણ સત્યાગ્રહીઓનો વિજય થયો હતો.

ધ્રાંગધ્રાની લોકલડત વખતે વઢવાણથી મોકલવામાં આવેલ ટુકડીઓમાં વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. જેમાં બે વિદ્યાર્થીઓ પ્રાણલાલ વોરા અને ગીરધરલાલ શાહ બંનેએ જેલની સજા ભોગવી હતી.

- **હિંદ છોડો ચળવળમાં ફાળો** :

ઈ.સ. 1942ની આ લડતમાં  સૌરાષ્ટ્રના સમાજના દરેક તબક્કાના લોકોએ ઉમંગભેર ભાગ લીધો હતો. ગામે ગામ સભા, સરઘસ, પત્રિકા પ્રવૃત્તિ, ગુપ્ત પ્રવૃત્તિ, ભાંગફોડ પ્રવૃત્તિ વગેરે કાર્યક્રમો લોકોએ અપનાવ્યા હતા. આ ચળવળ વખતે વઢવાણમાં પણ આ ચળવળ અંતર્ગત પ્રવૃત્તિઓ થઈ હતી જેમાં  જોરાવરનગરમાંથી રતુભાઈ અદાણીનું મિત્રમંડળ રાજકીય પ્રવૃત્તિઓ ચલાવતું હતું. આ સમયે સૌરાષ્ટ્રમાં ત્રણ સત્યાગ્રહ છાવણીમાંની એક વઢવાણની રાષ્ટ્રીય શાળા(ઘરશાળા) હતી. આ સમયે વઢવાણ રાજયમાં પણ સભા યોજાતી, સરઘસો કાઢવામાં આવતા હતા તેમજ કેટલીક ગુપ્ત પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી. સ્થાનિક યુવક મંડળ કે વિદ્યાર્થી મંડળના ઉપક્રમે સભા, સરઘસ યોજાતા હતા. તેમાં જોઈએ તો પ્રાણલાલ વોરા અને ગિરધારલાલ શાહે ધરપકડના સંદર્ભમાં સભા યોજી હતી. તે બાબતે બાદમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી તેમ છતાં ઘણા વિદ્યાર્થીઓએ મહત્વનો ભાગ ભજવી નોંધનીય કાર્ય કર્યું હતું. તેમાં વિદ્યાર્થી અનોપચંદ મૂળચંદ શાહે પોતાનો મેટ્રિકનો અભ્યાસ છોડી આ ચળવળમાં ભાગ લીધો હતો. આમ, હિંદ છોડો ચળવળની સફળતામાં વઢવાણના વિદ્યાર્થીઓની સહભાગિતા પણ એટલી જ મહત્વની ગણી શકાય.

**3. સમાપન:**

ભારતની આઝાદીમાં અનેક પ્રદેશોના વિદ્યાર્થીઓ-યુવાનોએ પોતાનું બલિદાન આપ્યું હતું. આ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ચળવળોમાં પણ મહત્વનો ભાગ ભજવ્યો હતો. વઢવાણમાંથી પણ અનેક વિદ્યાર્થીઓએ પણ આવી રાષ્ટ્રીય ચળવળોમાં પોતાનું મહત્વનું યોગદાન આપેલ હોઈ તે અંગેની આ લેખમાં નોધ કરવામાં આવી છે. ગાંધીજીના આગમન પૂર્વે પણ વઢવાણમાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય ભાવનાના રંગે રંગાઈ ચુક્યા હતા પણ, તેની પૂર્ણ ખીલવણી ગાંધીજીના આગમન પછી થઈ હતી. જે કેળવવાનું કામ વઢવાણની ત્રિપુટી એવી ફૂલચંદભાઈ શાહ, ચિમનભાઈ વૈષ્ણવ અને શિવાનંદજી સ્વામી દ્વારા થયું હતું.. ગાંધીજીના અસહકારના આંદોલન વખતે વઢવાણમાં રાષ્ટ્રીયશાળાની સ્થાપના થયા બાદ વઢવાણની પ્રજામાં લોકજાગૃતિ લાવવાની કામગીરી આ રાષ્ટ્રીયશાળાના સંચાલકોએ ઉપાડી લીધી હતી તેમજ એ અંતર્ગત પ્રભાતફેરી, ભજનમંડળી વગેરે જેવી પ્રવૃત્તિઓ પણ આદરી હતી. જેથી લોકોમાં જાગૃતિ પણ આવી હતી અને તેઓ પોતાના સંતાનોને આ રાષ્ટ્રીયશાળામાં અભ્યાસ માટે મુકતાં થયા હતા. પછીથી આ શાળા એ રાષ્ટ્રીય ચળવળો અંતર્ગતની અન્ય પ્રાદેશિક ચળવળોના આયોજનનું કેન્દ્ર પણ બન્યું હતું જેમાં અનેક વિદ્યાર્થીઓએ અભ્યાસની સાથે અસહકારની ચળવળ, સવિનય કાનુનભંગ, હિંદ છોડો ચળવળ વગેરે જેવી રાષ્ટ્રીય ચળવળો તથા તેના ભાગરૂપ પ્રાદેશિક ચળવળો જેવી કે નાગપુર ઝંડા સત્યાગ્રહ, ધ્રાંગધ્રાની લોકલડત, વઢવાણની અખબારી સ્વતંત્રતાની લડત, ધોલેરા મીઠા સત્યાગ્રહ, મોરબી સત્યાગ્રહ, વિરમગામ સત્યાગ્રહ, લીંબડી લડત વગેરેમાં ભાગ લઈ સાથે સજા પણ ભોગવી હતી તેમજ આ ચળવળોને સફળ બનાવી હતી.

**<u>સંદર્ભસૂચિ</u>**


1. ડૉ .એસ.વી .જાની **સૌરાષ્ટ્રનો ઈતિહાસ)1807-1948(**, દર્શક ઈતિહાસ નિધિઅમદાવાદ ,, પ્રથમ આવૃત્તિ, 2003
2. જયાબહેન શાહ (સંપાદક)**સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સૈનિકો અને લડતો**, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટ1988 જાન્યુઆરી ,પ્રથમ આવૃત્તિ ,રાજકોટ ,
3. મહેબુબ દેસાઈ **સૌરાષ્ટ્રની સ્વાતંત્ર્ય ઝંખના**, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયપ્રથમ ,અમદાવાદ, ,આવૃત્તિ 1997
4. અરવિંદભાઈ આચાર્ય **સત્યાગ્રહોના સંભારણા**, સુરેન્દ્રનગરપ્રથમ આવૃત્તિ ,,1992
5. રામનારાયણ ના પાઠક .**સત્યાગ્રહી શહીદો**, લોકોપયોગી સસ્તી ગ્રંથમાળાપ્રથમ ,વઢવાણસિટી , આવૃત્તિ ,1955
6. **વઢવાણ વિશેષાંક**, વઢવાણ મિત્ર મંડળ પત્રિકા2000 નવેમ્બર ,મુંબઈ ,
7. **સંભારણું**, દાજીરાજ્જી હાઈસ્કૂલ નવનિર્માણ શતાબ્દીપાર મહોત્સવ અંક ,વઢવાણ ,11-12-13 , ,જૂન 2005
8. ડૉ ,આચાર્ય .ઈન્દ્રવદન ન .**સૌરાષ્ટ્રમાં ઝાલા રાજવંશના શાસનનો ઈતિહાસહરપાળદેવ ) .સ.મકવાણાથી ઈ1948 સુધી(**, વાસુકિ પ્રિન્ટીંગ પ્રેસપ્રથમ આવૃત્તિ ,રાજકોટ ,, નવેમ્બર ,2016